વલસાડ જિલ્લામાં કૃષિ અને બાગાયત વિભાગનો સર્વે પૂર્ણ કરી સરકારને અહેવાલ સુપરિપોર્ટેડ

ભારે વરસાદથી ખેડૂતોને નુકસાન

૫૩૦૦ હેક્ટરમાં પાક બરબાદ થતા ૧૦ કરોડના સહાય પેકેજની માંગ

જુલાઈ મહિનામાં પડેલા ધોધમાર વરસાદથી ડાંગર અને આંબાવાડીઓને વ્યાપક ક્ષતિ

વલસાડ : વલસાડ જિલ્લામાં ગત જુલાઈ મહિનામાં અતિ ભારે વરસાદના પગલે જિલ્લાના નદી કિનારાના ગામોમાં ભારે તારાજી સર્જી હતી. વિશેષ કરી ડાંગરનો પાક અને કેરીના આંબાવાડીઓમાં ખાસ્સુ નુકશાન થયું હતું. જે મુદ્દે સરકારના આદેશ બાદ ખેતીવાડી વિભાગ અને બાગાયત વિભાગની ટીમો દ્વારા શરૂ કરાયેલો સર્વે પૂર્ણ થયો છે. જેમાં 5300 હેક્ટર વિસ્તારમાં પાકને નુકશાન થયું હોવાનું રિપોર્ટમા જોવા મળ્યું હતું. જે બાદ અસરગ્રસ્ત ખેડૂતોને નુકસાનીનું વળતર ચૂકવવા આશરે રૂ.10 કરોડના પેકેજની માંગણી રિપોર્ટ વિભાગ દ્વારા સરકારમાં સબમિટ કરી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગત 22 થી 29 જુલાઈ મહિના દરમિયાન પડેલા અતિ ભારે વરસાદને લઇ જિલ્લામાં ડાંગર અને કેરીના વૃક્ષો આંબાવાડીમાં ભારે નુકશાન પહોંચ્યું હતું. જે બાદ શરૂ થયેલો સર્વે હાલે જ પૂર્ણ થયો છે. જેમાં સૌથી વધુ 4300 હેક્ટરમાં ડાંગરના પાકને નુકશાન થયું હોવાનો સર્વેમાં જોવા મળ્યું હતું. ડાંગરના પાકને નુકશાન 4300 હેક્ટર, કેરી આંબાવાડી 800 હેક્ટર, કેળા, શાકભાજી સહિતના 200 હેક્ટરનો સમાવેશ થાય છે.

10 કરોડના સહાય પેકેજની માંગણી

વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારી અરુણ ગરાસિયાએ જણાવ્યું કે, ગત જુલાઈ મહિનામાં અતિ ભારે વરસાદ બાદ ખેતીવાડી, બાગાયત વિભાગની 94 ટીમો દ્વારા સર્વે કરાયો હતો. જેમાં 5300 હેક્ટરમાં નુકશાનીનો રિપોર્ટ સર્વેમાં આવ્યો હતો. જે બાદ નુકસાનીના વળતર માટે આશરે 10 કરોડના સહાય પેકેજની માંગણી રિપોર્ટ ખેતીવાડી વિભાગ ગુજરાત સરકારમાં મોકલી અપાયો છે. જોકે સહાય અંગે સરકારના નિર્ણય બાદ અસરગ્રસ્ત ખેડૂતોના ખાતામાં સીધી સહાયની રકમ ચૂકવવાની પ્રક્રિયા અમલમાં મૂકાશે.

અસરગ્રસ્ત ગામો

પારડી 47 ગામ, અસરગ્રસ્ત ખેડૂતો 508
ઉમરગામ 50 ગામ, અસરગ્રસ્ત ખેડૂતો 19993
વલસાડ 96 ગામ, અસરગ્રસ્ત ખેડૂતો 2105
વાપી સિટી 15, અસરગ્રસ્ત ખેડૂતો 79
વલસાડ સિટી 3 અસરગ્રસ્ત ખેડૂતો 8
કુલ અસરગ્રસ્ત ગામો 467
અસરગ્રસ્ત ખેડૂતો 11767

વાંસદાના વાંગણ ગામે જુગાર રમતા 4 ઝડપાયા, એક વોન્ટેડ

વાંસદાઃ વાંસદાના વાંગણ ગામના ગાંગોડ ફળિયામાં દિનેશભાઈ શુક્કરભાઈ કુવરનાં ઘરની બહાર આવેલા ખુલ્લા પેજારી વિસ્તારમાં જુગાર રતમા ચારને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે અજય રંગજુભાઈ ગામીત (રહે., નવતાડ, નિશાળ ફળિયા), ભાવેશ જયંતીભાઈ થોરાટ (રહે., વાંગણ, પારસી ફળિયા), કુંદનભાઈ રમણભાઈ પાડવી (રહે., આંબાપાણી, પટેલ ફળિયા) તથા નીતિન ભાનુજીભાઈ ભોયા (રહે., મોળાઆંબા, નંદીયામાળ ફળિયા)ને ઝડપી રોકડા અને ચાર મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨૫,૧૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે સંજયભાઈ સોમલેભાઈ ગાંગોડ (રહે., વાંગણ, ગાંગોડ ફળિયા)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

વલસાડ પાલિકાએ ફૂટપાથ પરથી 10થી વધુ લારીઓ જપ્ત કરી

વલસાડઃ વલસાડ શહેરના મોંઘાભાઈ હોલ સામે આવેલી ફૂટપાથ પર ગેરકાયદે રીતે લારીઓ ઊભી રાખી દબાણ કરનારાઓ સામે વલસાડ નગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોંઘાભાઈ હોલ સામે ફૂટપાથ પર કેટલાક લારીધારકો દ્વારા ફુટ સહિતની લારીઓ ઊભી રાખીને દબાણ કરવામાં આવ્યું હતું. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ અંગે ફરિયાદો મળતાં પાલિકા તંત્રે આક્રમક વલણ અપનાવી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન પાલિકાની ટીમને કેટલીક લારીઓમાંથી સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી પ્લાસ્ટિકની થેલીઓ (સિંગલ યુઝ પ્લાસ્ટિક)નો મોટો જથ્થો પણ મળી આવ્યો હતો.

દમણથી ગુજરાતમાં ગેરકાયદે દારૂની હેરાફેરીમાં બુટલેગરની અટકાયત

વાપી : વલસાડ જિલ્લામાંથી પ્રોહિ.ની બદીને નેસ્તનાબુદ કરવા તથા સંઘપ્રદેશ દમણથી ગુજરાતમાં દારૂની હેરાફેરી કરનારા ઈસમોને પાસા અટકાયતમાં લેવા સુરત પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ વલસાડ એલસીબી ટીમ દ્વારા સંઘપ્રદેશ દમણથી ગુજરાતમાં મોટા પાટે દારૂની હેરાફેરી કરનાર બુટલેગર સદ્દામ ઈબ્રાહિમ મહેબુબ શેખ (ઉ.34, રહે. નાની દમણ, ખારીવાડ, અમર એપાર્ટમેન્ટ, મૂળ મહારાષ્ટ્ર) સામે પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડને મોકલી તે મંજૂર બાદ તેની પાસા હેઠળ અટકાયતી પગલા ભરી મધ્યસ્થ જેલ રાજકોટમાં કેદ રાખવા મોકલી આપ્યો હતો.

મોતીવાડા હાઇવેના સર્વિસ રોડ પરથી પુરુષનો મૃતદેહ મળી આવ્યો

પારડી : પારડીના મોતીવાડા એસ.આર. પેટ્રોલ પંપની બાજુમાં આવેલા સર્વિસ રોડની ખુલ્લી જગ્યામાંથી 52 વર્ષીય પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. જેસીબી ડ્રાઇવિંગ કરતા ગણેશ પટેલે આ અંગે પારડી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. સ્થાનિકો દ્વારા બોલાવવામાં આવેલી ૧૦૮ એમ્બ્યુલન્સના ટીમે તપાસ કરતા આ વ્યક્તિને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ પારડી પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે મૃતકના પેન્ટના ખિસ્સા તપાસતાં મળી આવેલા દસ્તાવેજોના આધારે મૃતકની ઓળખ થઈ શકી હતી. મૃતકનું નામ સુબોધકુમાર રતનલાલ સોની, (ઉ. 52 રહે. બિકાનેર, રાજસ્થાન) હોવાનું સામે આવ્યું હતું.

સોળસુંબામાં દુકાનની બહાર મુકેલા એસી આઉટડોર યુનિટની ચોરી

ઉમરગામ : ઉમરગામના સોળસુંબામાં આવેલા ગંગાદેવી ગાર્ડન કેફે હોટલ સામે કૂલિંગ ઇક્વિપમેન્ટ રિપેરિંગનો ધંધો કરતા ફરિયાદી નિખિલ રાજારામ ઝા ની ભવાની રેફ્રીજરેશન એન્ડ ઇલેક્ટ્રોનિક્સ નામક દુકાન આવેલી છે. દુકાનની બહાર રિપેરિંગ માટે મુકેલું જૂનું પેનલ એસી તથા એક વીડિયોકોન કંપનીનું એસી આઉટડોર યુનિટ તેમજ કેરીયર કંપનીનું જૂનું એસી આઉટડોર યુનિટની કોઈ ચોર ઈસમો તારીખ 22 ઓગસ્ટથી તારીખ 27 ઓગસ્ટ દરમિયાન ચોરી કરી નાસી ગયેલો છે. દુકાનમાં સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા બે અજાણ્યા ચોર ઈસમો બહાર મુકેલો આ સર સામાન ચોરી કરી લઈ ગયાનું જણાઈ આવ્યું છે. બનાવ અંગે ઉમરગામ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બીલીમોરાના એજન્ટના પુત્રનું નિધન

સુરત : બીલીમોરા ખાતેના 'ગુજરાતમિત્ર'ના વર્ષો જુના ન્યુઝ વિતરક એજન્સી ધરાવનાર સવિતાબેન મોહનભાઈ પટેલના પુત્ર પરિમલભાઈ મોહનભાઈ પટેલ (ઉ. વર્ષ 33) નું. તા. ૦૧-૦૯-૨૦૨૬ના રોજ ટૂંકી માંદગી બાદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૩-૦૯-૨૦૨૬ ના રોજ મધુસૂદન રો હાઉસ, મહાદેવ નગર, નર્સરી રોડ દેવસર બીલીમોરા ખાતે રાખવામા આવ્યું છે.

બીલીમોરામાં પ્રશાંત સ્મૃતિ સુગમ સંગીત રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ

બીલીમોરાઃ સર્વોદય સંસ્થા દ્વારા સ્વ. શ્રી પ્રશાંત વશીની સ્મૃતિમાં આયોજિત રાજ્યકક્ષાની 'પ્રશાંત સ્મૃતિ સુગમ સંગીત' સ્પર્ધા અને સંગીત જલસો સંપન્ન થયો હતો. બીલીમોરા સર્વોદય તથા બીલીમોરા વિભાગ કેળવણી મંડળ અને વશી પરિવારના સંયુક્ત ઉપક્રમે આ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી સંગીતપ્રેમી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સર્વોદય સંસ્થાના પ્રમુખ નીલેશ પટેલ, ઉપ પ્રમુખ ડો. લોપા પટેલ અને મંત્રી નિનાદ પટેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સેમી ફાઈનલમાં સુરતના કલાગુરુ શ્વેતા ગોસ્વામી તેમજ સોનલ ગોસ્વામીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. ત્યારબાદ તા.૨૩'મી ઓગસ્ટના રોજ બીલીમોરા ગોલ્ડન જ્યુબિલી હોલમાં ફાઈનલ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સુરતના આદિત્ય નાયક તેમજ નવસારીના તેજસ પટેલે સેવા આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભરતભાઈ અમીન, પાલિકા પ્રમુખ મનીષ પટેલ, દેવચંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મગોદની જય અંબે સ્કૂલમાં નેશનલ સ્પેશ ડે ની ઉજવણી

વલસાડ : વલસાડ જિલ્લાના મગોદ ગામમાં આવેલી જય અંબે સ્કૂલમાં નેશનલ સ્પેશ ડે ની ઉજવણી કરવામાં આવી. 23 ઓગષ્ટ 2023 ના રોજ ભારતનાં ચન્દ્રયાંન -3 એ, ચંદ્રના દક્ષિણ ધ્રુવ ખાતે સફળતા પૂર્વક લેન્ડિંગ કર્યું હતું અને ભારત આ સિધ્ધિ મેળવનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો અને આ વર્ષે 2026 માં ૩જો નેશનલ સ્પેશ ડે ભારતભરમાં ગૌરવપૂર્વક ઉજવવમાં આવ્યો. આ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે ભૌતિક વિજ્ઞાનના શિક્ષક પરિતોષ ભટ્ટે, આર્યભટ્ટથી આજદિન સુધીના વિવિધ સ્પેઇશ મિશનોની માહિતી આપી હતી. અને ચન્દ્રયાંન -3 પહેલાંના નિષ્ફળ ગયેલા પ્રયત્નોમાંથી વિદ્યાર્થીઓએ આજે એ શીખ મેળવવી જોઈએ કે, નિષ્ફળતા કાયમી હોતી નથી. આ નિમિત્તે વડોદરાના ઈઓવેટર મીથીલેશ પટેલે પ્રેરણા આપી હતી.

ગણેશ વિસર્જન અગાઉ બંદરની મરામત માટે ગણેશમંડળોની રજૂઆત

ઔરંગા નદીની જેટીની હાલત કફોડી, મોટા ખાડા પડ્યા

ઔરંગા નદીની જેટી ખૂબ જ બિસ્માર હાલતમાં છે, જ્યાં કોઇ પણ દુર્ઘટના થવાનો ડર

પેવરબ્લોક લગાવી તેને રિપેર કરાવાય અને લાઇટની વ્યવસ્થા થાય એ પણ જરૂરી

વલસાડ : વલસાડમાં ગણેશોત્સવ બાદ થતું ગણેશ વિસર્જન ઔરંગા નદીમાં થાય છે. ત્યારે ઔરંગા નદીના બંદર(જેટી)ની યોગ્ય મરામત થાય તેમજ વિસર્જન માર્ગની મરામત થાય એ માટે વલસાડના તમામ ગણેશમંડળોના પ્રતિનિધિઓએ આજરોજ વલસાડ કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

આ રજૂઆતમાં મંડળોએ જણાવ્યું છે કે, જેટ્ટીની હાલત ખૂબ કફોડી છે. અહીં ક્રેન પણ ચાલી શકે એવી પરિસ્થિતિ નથી. અહીં મોટા મોટા ખાડાઓ પડ્યા છે. ત્યારે અહીં પેવરબ્લોક લગાવી તેને રિપેર કરાવાય એ જરૂરી બન્યું છે. આ જેટી પર યોગ્ય લાઇટની વ્યવસ્થા થાય એ પણ જરૂરી છે. તેમજ વિસર્જનના દિવસે પીવાના પાણીની વ્યવવસ્થા અને મોબાઇલ ટોઇલેટની વ્યવસ્થા માટે પણ તેમણે રજૂઆત કરી છે. આ સિવાય ગણેશ વિસર્જનનો બંદર રોડ પણ હાલ બિસ્માર છે. આ માર્ગને યોગ્ય મરામત કરી તેના પરના દબાણો દૂર કરવાની પણ તેમણે રજૂઆત કરી હતી.

આ રજૂઆત સાથે તેમણે તંત્ર સામે રોષ પણ ઠાલવ્યો હતો. તેમણે જણાવ્યું કે, જેટી માટે તેઓ છેલ્લા 15 વર્ષથી રજૂઆત કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી તેનો નિવેડો આવી શક્યો નથી.

કરજગામ-પુનાટ કેનાલ રોડના કામનો ગ્રામજનોનો વિરોધ

ખેતીની જમીન અને ખાનગી મિલકતને નુકસાન થવાની ભીતિ વ્યક્ત

ઉમરગામના ધારાસભ્યએ મળતિયાના લાભ માટે રૂ.50 લાખનો માર્ગ મંજૂર કરાવ્યો હોવાના આક્ષેપ

વલસાડ, ઉમરગામઃ ઉમરગામ તાલુકાના કરજગામથી હેરંબા કંપની તરફ પુનાટ કેનાલ સુધીના રોડના સૂચિત કામને લઈને ગ્રામજનોમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. ગ્રામજનો દ્વારા રજૂઆત કરીને રૂ.50 લાખના ખર્ચે હાથ ધરાનારા આ રોડના કામ અંગે વહીવટી તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. દસ્તાવેજોમાં આ કામને GIDC ગ્રાન્ટ હેઠળનું "Construction of Karajgam (Heranba Company) towards Punat Canal Road" તરીકે દર્શાવવામાં આવ્યું છે.

ગ્રામજનોની રજૂઆત મુજબ, સૂચિત રસ્તો જ્યાંથી પસાર થવાનો છે તે વિસ્તારમાં હાલ ખેતીની જમીનો આવેલી છે. રસ્તાના કામથી ખેડૂતોની જમીન, આંબાવાડી તથા અન્ય ખાનગી મિલકતોને અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. ગ્રામજનોનું કહેવું છે કે વિકાસના નામે ખેડૂતોની જમીનને નુકસાન થાય તે યોગ્ય નથી અને રસ્તાનું કામ શરૂ કરતાં પહેલાં સ્થળ પર યોગ્ય માપણી તથા અસરગ્રસ્ત જમીન અંગેની સ્પષ્ટતા કરવામાં આવે.આ અંગે પુનાટ ગ્રામ પંચાયત દ્વારા પણ સંબંધિત તંત્રને રજૂઆત કરવામાં આવી હોવાનું દસ્તાવેજોમાંથી જણાય છે.

પંચાયતની રજૂઆતમાં સૂચિત રસ્તાના કામ અંગે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લેવા અને ગ્રામજનોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, જે રીતે વલસાડના ધારાસભ્યે વશિયરનો પુલ પાસ કરાવ્યો છે. એ જ રીતે ઉમરગામના ધારાસભ્યે દબાણ કરી તેમના મળતિયાના લાભ માટે જનહિતને નેવે મૂકી પ્રજાના ટેક્સના રૂ.50 લાખ પાસ કરાવી આ માર્ગ મંજૂર કરાવ્યો છે. જેની સામે તેમણે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ન્યાય સમિતિ રદ કરવાના હુકમના લીરેલીરા ઉડ્યા

ધરમપુર તા.પં. ના ન્યાય સમિતિનાં ચેમ્બરમાં પૂનમ ચૌધરીના નામની પ્લેટ હજુ પણ યથાવત

ધરમપુરઃ ધરમપુર તાલુકા પંચાયતની ન્યાય સમિતિની રચના રદ કરવા માટે તાલુકા કોંગેસના મહામંત્રી મુફીદ પઠાણ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતા દેવુ મોકાસીએ વલસાડ જિલ્લા વિકાસ અધિકારીને કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ ભાજપની ન્યાય સમિતિની રચના રદ કરવાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ ચાર પાંચ દિવસ વીતી ગયા હોવા છતાં ભાજપનાં શાસકો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી હુકમના લીરે લીરા ઉડાવતા નજરે પડ્યા હતાં. હાલમાં તાલુકા પંચાયત કચેરી ખાતે તા. પ્રમુખના કેબિનની સામે ન્યાય સમિતિનાં અધ્યક્ષ તરીકે પૂનમ ચૌધરીનો બોર્ડ લગાડવામાં આવ્યો છે. તેમના કેબિનમાં ખુરશી ઉપર ન્યાય સમિતિનાં અધ્યક્ષ તરીકે પૂનમ ચૌધરીના નામની પ્લેટ લગાડવામાં આવી છે. ત્યારે ધરમપુર તાલુકા વિકાસ અધિકારી ધીરુભાઈ પટેલ, ન્યાય સમિતિનાં અધ્યક્ષને હાલમાં ગેરલાયક ઠેરવવામાં આવ્યાં હતા. દરેક સમિતિ રદ કરવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. છતાં તા. પંચાયતના શાસકો આ ન્યાય સમિતિનાં અધ્યક્ષની નામની તકતી પ્લેટ લગાડી છે એ ક્યારે દૂર કરશે એવી ચર્ચાઓ ધરમપુર પંથકમાં ઉઠતાં રાજકારણમાં ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ દમનથી અવાજ દબાવવાની ભાજપની નીતિ : અમિત ચાવડા

ઐતિહાસિક ખેડ સત્યાગ્રહ રેલીમાં હજારો લોકો ટમટી પડ્યા

વલસાડઃ નાનાપોંઢા તાલુકાના અરનાલામાં યોજાયેલી ખેડ સત્યાગ્રહ રેલીમાં હજારો લોકો ઊમટી પડ્યા હતાં. 1 સપ્ટેમ્બર 1953ના રોજ ખેડ સત્યાગ્રહની યાદમાં યોજાયેલી રેલીમાં ખેડૂતોના પ્રશ્ન, દિલ્હીની જેન. જી. રેલી, ખાંડ, ડુંગળીના ભાવોના મુદ્દાઓ છવાયા હતાં. રેલી અરનાલા કલ્યાણેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં યોજાઈ હતી. જેમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ખેડ સત્યાગ્રાહિઓ સ્વ.ઈશ્વરભાઈ દેસાઈ અને સ્વ.ઉત્તમભાઈને યાદ કર્યા હતાં. ચૂંટણીને આજથી 14 મહિના બાકી છે. 14 મહિના સંઘર્ષ કરી લો, 2027માં આપણી જીત નક્કી છે. આજે કોઈપણ પ્રોજેક્ટ આવે કોંગ્રેસ પ્રજા સાથે રહી વિરોધ કરશે. વિકાસ યોજનાઓમાં જમીન લો તો ચારઘણા ભાવ આપો.

જેન.જી. લોકોનો અવાજ બની રહ્યા છે, દિલ્હીમાં સરકારે સંવાદ કરવાના બદલે યુવાનોને ઘસડીને લઈ ગયા,

પોલીસ દમનથી દબાવી દેવાનું એ ભાજપની નીતિ રહી છે. નવા યુવાનો નવા અંગ્રેજોથી લડ્યા અને શિક્ષણ મંત્રીએ રાજીનામું આપવું પડ્યું. 12 લાખ સરકારી શાળાઓ બંધ થઈ, તેમ જણાવ્યું હતું.

તુષાર ચૌધરીએ જણાવ્યું કે, આજે 12631 રૂ. પ્રતિ મહીને ખેડૂતની આવક છે, શું આ પૂરતું છે, ખેડૂતની આવક ઘટી રહી છે, ઉદ્યોગપતિનું હજારો કરોડનું દેવું માફ કરી રહ્યા છે, ટ્રેક્ટરનો હપ્તો ચૂકીયે તો બેંક બોજો પડે છે. હવે પરિવર્તન કરવાનો સમય આવી પહોંચ્યો છે.

વલસાડમાં વેપારીનો મોબાઈલ હેક કરી ખાતામાંથી 1.98 લાખ ટ્રાન્સફર

વલસાડઃ ગુંદલાવ શક્તિનગરમાં રહેતા અને મૂળ વડોદરાના પૂનમભાઈ જેસંગભાઈ થોરી ગુંદલાવ ગ્રામ પંચાયત પાછળ શ્રીજી કૃપા નામે દુકાન ચલાવે છે. તેમનું બેંક ઓફ બરોડાની ગુંદલાવ શાખામાં ખાતું છે. ગત ૨૩ ઓગસ્ટના રોજ તેમના મોબાઈલમાં ગુગલ પે (UPI) ચાલતું ન હોવાથી તેમણે તપાસ કરી હતી. બેંકમાં જઈને બેલેન્સ ચેક કરતાં માલુમ પડ્યું કે ૨૧ અને ૨૨ ઓગસ્ટ દરમિયાન તેમના ખાતામાંથી બે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ 1,98,999 કપાઈ ગયા હતા. વેપારીએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી.

હોટલ માલિક પર કર્મચારીનો તલવાર વડે જીવલેણ હુમલો

વલસાડના કુંડી ગામે હોટલમાંથી કાઢી મુકવાની અદાવતમાં હુમલો કરી આરોપી ફરાર

વલસાડઃ કુંડી ફાટક પાસે આવેલી શિવશક્તિ મહાદેવ હોટલના મેનેજર પ્રકાશચંદ્ર સેવક પાસે હોટલના કર્મચારી ભરત પુરોહિતે બાઇકની ચાવી માંગી હતી. મેનેજરે માલિકની મંજૂરી વિના ચાવી આપવાનો ઇનકાર કરતાં ભરતે ઉશ્કેરાઇ ઝપાઝપી કરી હતી. આ અંગે હોટલ માલિક પ્રદિપસિંહને જાણ કરાતાં તેઓ હોટલ પર પહોંચ્યા હતા અને અગાઉ પણ સ્ટાફ સાથે ઝઘડો કરી ચૂકેલા ભરતને હોટલમાંથી નીકળી જવા જણાવ્યું હતું. આ બાબતની અદાવત રાખી ભરતે બેગમાંથી તલવાર કાઢી હોટલ માલિક પ્રદિપસિંહના ગળામાં જીવલેણ ઘા ઝીંકી દીધો હતો. હુમલો કર્યા બાદ આરોપી ભાગી છૂટ્યો હતો.

ગંભીર લોહીલુહાણ થયેલા પ્રદિપસિંહને પારડી વીમ્સ (VIMS) હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે ડુંગરી પોલીસે આરોપી ભરતકુમાર પુરોહિત વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નારગોલને વિકસાવી નશાબંધી હળવી કરવાની માંગ કરાઈ

વિધાનસભા સત્રમાં પ્રશ્ન ઉપસ્થિત કરવા ઉમરગામના ધારાસભ્યને રજૂઆત કરવામાં આવી

ઉમરગામ : નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટીબેન યતીનભાઈ ભંડારીએ ધારાસભ્ય રમણભાઈ પાટકરને પત્ર લખી એવી રજૂઆત કરી છે કે નારગોલનો સુંદર રળિયામણો દરિયાકિનારો પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે. દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ આવે છે. પ્રિ- વેડિંગ શૂટિંગ માટે પણ નારગોલ જાણીતું છે. ઉમરગામ તાલુકાનું નારગોલ ગામ સંઘપ્રદેશ અને મહારાષ્ટ્રની હદ સાથે જોડાયેલું છે. આ પ્રદેશમાં દારૂની છૂટ છે. નારગોલમાં દારૂબંધી હળવી કરવામાં આવે તો રિસોર્ટ ક્લબનો વિકાસ થાય, રોજગારી ઉપલબ્ધ થાય પ્રવાસીઓને આકર્ષી શકાય તેમ છે. જેથી ગાંધીનગર ગિફ્ટ સિટીની જેમ નારગોલમાં પણ દારૂબંધી હળવી કરવા તથા તાળી પીણુંનું ઉત્પાદન અને વેચાણ કરવાની પરવાનગી માટે સરકારને આવક થાય તેમ છે.

નારગોલમાં દારૂબંધી હળવી કરવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. વિધાનસભા સત્ર દરમિયાન દારૂબંધીને નારગોલમાં હળવી કરવા જરૂરી પરવાનગી આપવામાં આવે તે પ્રશ્ન ગુજરાત સરકાર સમક્ષ રજૂ કરવા વિધાનસભા સત્રમાં આ બાબતે ચર્ચા કરવાની અમારી માંગણી છે.